| PUBLICATION NAME : | Divya Bhaskar (City Baskar) |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 12/11/23 |
| PAGE : | 1 |

એગ્રિકલ્ચરિસ્ટ • સુમિત મોહંતી સાથે ખાસ વાતચીત

# ‘અમે AIની મદદથી ખેડૂતોને મદદરૂપ થઇ શકે તેવું પ્લેટફોર્મ તૈયાર કર્યું છે’



**હિમાની પંડ્યા, અમદાવાદઃ** શહેરના સુમિત મોહંતિએ અંકિત પટેલ અને નોઈલ કુરિયન સાથે મળીને AI ટૂલથી ગુજરાતના ખેડૂતોની સમસ્યાઓના ઉકેલ માટે ‘કૃષિમંદિર’ નામના પ્લેટફોર્મની શરૂઆત કરી. આ પ્લેટફોર્મ AI અને નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગના ઉપયોગથી ખેડૂતોને ઈન્ટેલિજેન્ટ, કસ્ટમાઈઝ્ડ અને રેલેવન્ટ સલાહ આપી શકે છે તથા પ્રોફિટ ઈમ્પ્રુવ કરવામાં પણ મદદ કરે છે. ત્યારે, સુમિતે પોતાના આઈડિએશન અને જર્નીને વિશે સિટી ભાસ્કર સાથે શેર કરી હતી.

‘મેં 2011માં IIT ખડગપુરમાંથી ડિગ્રી મેળવી અને ત્યાર બાદથી સોશિયલ એન્વાયરમેન્ટલ પ્રોબ્લેમ્સ પર કામ કરવાનું શરૂ કર્યું અને વિવિધ ગામડાઓમાં ફરીને ખેડૂતો સાથે વાતચીત કરી, તેમની પ્રોબ્લેમ્સ વિશે જાણવાની શરૂઆત કરી. જેમાં અમને ખબર પડી કે, ફાર્મર્સને અનેક પ્રકારના નેચરલ બેરિયર્સ નડતા હોય છે. અને સૌથી મોટી પ્રોબ્લેમ સરળ ઈન્ફોર્મેશન એક્સેસબિલિટીની છે. જેથી અમે ખેડૂતો માટે AI અને નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગની મદદથી પ્લેટફોર્મ તૈયાર કર્યું અને ખેડૂતો સ્પેશિયલી વૉઈસ મેસેજથી કોમ્યુનિકેટ કરી શકે તેની ચોક્સાઈ રાખી હતી. અને ગુજરાતના ખેડૂતોની સરળતા માટે અમે ગુજરાતી ભાષાને જ પ્રોગ્રામમાં એડ કરી છે. 2022ની શરૂઆતમાં પ્લેટફોર્મની શરૂઆત કરીને100 લોકોનું ગ્રુપ બનાવ્યું અને આ વિશેની માહિતી ખેડૂતોને આપી હતી અને માત્ર 3 જ દિવસમાં 1300 જેટલા ખેડૂતોએ અમારા પ્લેટફોર્મ સાથે કનેક્ટ કર્યું હતું.. અમે AIને ગુજરાતી એગ્રિકલ્ચરલ ભાષા શીખવાડવા માટે ટ્રેનિંગ આપી હતી. જે સરળ અમદાવાદી, કાઠયાવાડી, કચ્છી, ટ્રાઈબલ ભાષાના ડાયલેક્ટ પણ સમજી શકે છે. હાલ, અમે ગુજરાતના 30હજાર ખેડૂતો સાથે કામ કરી રહ્યાં છીએ. અને ઈચ્છા ધરાવીએ છીએ કે, આગામી ખરીફ સિઝન સુધીમાં અમે 4-6 લાખ ખેડૂતો સાથે કામ કરી શકીએ.’